# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## “વિજેતા” પ્રાર્થના કેલેન્ડર - એપ્રિલ, ૨૦૨૪

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) નિર્ણય : ભૂંડુ કરનારાઓને લીધે તું ખીજવાઈશ નહિ અને અન્યાય કરનારાઓની ઈર્ષા કરીશ નહિ. યહોવાની વાટ જો, તેને માર્ગે ચાલ અને દેશનો વારસો પામવાને તે તને મોટો કરશે. યહોવા ન્યાયીઓનું તારણ કરે છે, સંકટની વેળાએ તે તેઓનો કિલ્લો છે. યહોવા તેમને મદદ કરે છે અને તેમને છોડાવે છે. (ગી.શા. ૨૭:૧,૩૪,૩૯,૪૦)

(૨) આરાધના : “હે સૈન્યોના યહોવા, તારા માંડવા કેવા રમણીય છે !” (ગી.શા. ૮૪:૧) પુરુષો તેમના ઘરના આત્મિક આગેવાનો છે અને તેઓને નમૂનારૂપ બનવા અને આરાધના ભવનમાં પરિવાર સાથે રહેવા માટે તેડેલા છે. હે ઈશ્વર, હું પ્રાર્થના કરું છું કે દરેક ખ્રિસ્તી પુરુષના હૃદયમાં તમારા માટેનો પ્રેમ અને અન્ય વિશ્વાસીઓ સાથેની સંગતનો આનંદ દૃઢ બને.

(૩) સ્થાન : ઈશ્વરના વચનની સાચી સમજણ સુખદ અને સુમેળભર્યા લગ્નજીવન તરફ દોરી જાય છે. તેની દોરવણી એફેસી ૫:૨૫માં જોવા મળે છે. “પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો.” હે પ્રભુ, અમને અમારા સ્વાર્થમાંથી મુક્ત કરો, અમને અમારી પત્નીને તમારા પ્રેમથી પ્રેમ કરનાર પુરુષો બનાવો.

(૪) દોરવણી : જી.પી.એસ. સીસ્ટમ આપણને દિશાઓ અને સરનામા શોધવામાં ઉપયોગી છે અને તે વધુ લોકપ્રિય બન્યુ છે. હજુ પણ ઘણા લોકોને જીવનનો અંતિમ માર્ગ શોધવાની જરૂર છે. બાઈબલ એ અનંતજીવન શોધવા માટે ઈશ્વરનું જી.પી.એસ. છે. તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખો. “મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે.” (ગી.શા. ૧૧૯:૧૦૫)

(૫) કેવળ એક પોકાર દૂર : “સંકટને સમયે મને વિનંતી કર; હું તને છોડાવીશ, અને તું મારો મહિમા પ્રગટ કરશે.” (ગી.શા. ૫૦:૧૫) જ્યારે આપણે આપણી મુશ્કેલીઓને સર્વશક્તિમાન ઈશ્વરના હાથમાં સોંપીએ છીએ ત્યારે તે કાર્ય કરે છે. તે આપણી તકલીફો અને ચિંતાઓને રાહત અને સ્તુતિના સમયમાં બદલવા માંગે છે.

(૬) સ્તુત્યાર્પણ : “જે આભારસ્તુતિના અર્પણ ચઢાવે છે તે મારો મહિમા પ્રગટ કરે છે, અને જે પોતાની વર્તણૂંક નિયમસર રાખે છે, તેને હું દેવનું તારણ દેખાડીશ.” (ગી.શા. ૫૦:૨૩) આપણે તેના ઉકેલને જોઈ શકીએ તે પહેલાં જ ઈશ્વરનો આભાર માનવાથી આપણો પ્રેમ અને તેમનામાં વિશ્વાસ મજબૂત થશે. ઈશ્વરની વાટ જુએ છે તેઓમાંનો કોઈ લજવાશે નહિ. (ગી.શા. ૨૫:૩)

(૭) દયા : “માટે જેવો તમારો બાપ દયાળુ છે, તેવા તમે દયાળુ થાઓ.” (લૂક ૬:૩૬) જેમ ઈશ્વર આપણી સાથે વ્યવહાર કરે છે તેમ આપણે અન્ય લોકો સાથે વ્યવહાર કરવો જોઈએ. સંબંધોને નવા અને દૃઢ કરવાની આ ચાવી છે. ઈશ્વરની આંખોથી જોનાર પુરુષો બનો. તે તમને પ્રેમ કરે છે અને ઈચ્છે છે કે આપણે તેમના પ્રત્યે તેમનો પ્રેમ દર્શાવીએ.

(૮) સંચાલક : “હું પાછો આવું ત્યાં સુધી આનો વહીવટ કરો.” (લૂક ૧૯:૧૩બી) આપણી સર્વ સંપત્તિ ઈશ્વર દ્વારા આપણને સોંપવામાં આવી છે. આપણે તેનો આનંદ માણવો જોઈએ, ઉપયોગ કરવો જોઈએ અને સારા અને વિશ્વાસુ સંચાલક તરીકે ઈશ્વરના રાજ્યમાં તેનું રોકાણ કરવું જોઈએ.

(૯) માન આપવું : “પતિઓ, સ્ત્રીની સાથે સમજણપૂર્વક રહો અને તમે તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો એમ ગણીને તેને માન આપો, કે જેથી તમારી પ્રાર્થનાઓ અટકાવવામાં ન આવે.” (૧ પિતર ૩:૭)

(૧૦) રૂપાંતર : પવિત્ર આત્મા તમને ઈસુ ખ્રિસ્તની પ્રતિમામાં રૂપાંતરિત કરવા આતુર છે, પરંતુ તમારા જીવન પર પવિત્ર આત્માનો પ્રભાવ કેટલો પડશે તે નક્કી કરવાની શક્તિ તમારી પાસે છે. પ્રાર્થના કરો કે તમે તમારા સર્જનહારને તેમની પ્રતિમામાં તમને રૂપાંતરિત કરવા તમારા જીવનમાં પૂરતું સ્થાન આપશો.

(૧૧) પ્રાર્થના : યહૂદાએ ઈસુને દગો દીધો તે પહેલાં ઈસુએ તેમના શિષ્યો અને ભવિષ્યના બધા જ વિશ્વાસીઓ માટે પ્રાર્થના કરી. (યોહાન ૧૭:૨૦) આજે પ્રાર્થના કરો કે વધુ લોકો ઈસુને તેમના તારનાર અને પ્રભુ તરીકે શોધે અને પ્રાર્થના કરો કે તે તમને રાજ્યના સારા એલચી બનવામાં સહાય કરે.

(૧૨) સંગત : લાકડાના માત્ર એક ટુકડાથી આગ પ્રગટાવવી અશક્ય છે. આગ પ્રગટાવવા માટે તમારે ઘણા ટુકડાઓની જરૂર પડે છે. તેવી જ રીતે, આપણને ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે એકબીજાની જરૂર હોય છે. સાથી વિશ્વાસીઓ સાથે આત્મિક સંગત રાખવાની તક માટે ઈશ્વરનો આભાર માનો. (પ્રે.કૃત્યો ૨:૪૨)

(૧૩) પ્રાર્થનાનો જવાબ : જો તમે તમારા પડોશીને બચાવવા પ્રભુ ઈસુને પ્રાર્થના કરો છો, તો ધ્યાન રાખો કે આપણા ઈશ્વર તમને તેમના વતી તેમની મુલાકાત લેવાનું જણાવશે. આજે તેમનો આભાર માનો કે ઈસુના અનુયાયી તરીકે તમને તેમના પુનરાગમન સુધી જગતમાં તેમના કાર્ય માટે તેમના હાથ અને પગ તરીકે લાયક ગણ્યા છે. (યશાયા ૫૨:૭)

(૧૪) દોરવણી આપવી : અમ પુરુષોને અમારા કુટુંબોને દોરવણી આપવાનો વિશેષાધિકાર મળ્યો છે. પ્રાર્થના કરો કે ખ્રિસ્તી પુરુષો ખ્રિસ્તના કાયમી જીવનને વળગી રહેવાનું શીખે (યોહાન ૧૫) અને તેમના જીવનને વ્યક્તિગત નાની બાબતોમાં પણ વહેવા દે. જેથી અમે તેમના મહિમા માટે ખાનગી અને જાહેરમાં નમૂનારૂપે અમારા પરિવારોને દોરી શકીએ.

(૧૫) પરીક્ષણો : નાના ગણાતા પાપો કે મોટા લાગતા પાપોના સ્વરૂપે પરીક્ષણો આવે છે. પોર્નોગ્રાફી અને કોર્પોરેટ ચોરી જેટલા જ ''નાના જૂઠ'' પ્રત્યે સંવેદનશીલ બનવા માટે પ્રાર્થના કરો. પ્રભુ ઈસુએ કહ્યું કે, ''જે બહુ થોડામાં વિશ્વાસુ છે તે ઘણામાં પણ વિશ્વાસુ છે અને જે બહુ થોડામાં અન્યાયી છે તે ઘણામાં પણ અન્યાયી છે.'' (લૂક ૧૬:૧૦)

(૧૬) ચરિત્ર : જે આપણે ખરેખર ખાનગીમાં છીએ તે ખરું ચરિત્ર છે. ખાનગી તેમજ જાહેરમાં સુસંગત રહેવા માટે પ્રાર્થના કરો. જેથી તમારું જીવન વિભાજીત ન થાય, પરંતુ તમે પ્રભુની દૃષ્ટિ પ્રમાણે જીવો. ઈશ્વરે ઈબ્રાહીમને કહ્યું, ''મારી સમક્ષ ચાલ અને સંપૂર્ણ (પરિપક્વ, પૂર્ણ) બન.'' (ઉત્પતિ ૧૭:૧)

(૧૭) ચિંતા કરવી : ઘણા પુરુષો ચિંતા કરે છે. જેમ જેમ બેરોજગારીનો દર વધે છે, ફુગાવો વધે છે અને જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ આપણો ભય વધે છે. પ્રાર્થના કરો કે તમે તમારા પૂરું પાડનાર ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ કેળવો. સખત મહેનત કરતી વખતે અને સારી કાર્યનીતિ અને ખર્ચ કરવાની ટેવ જાળવવા માટે તમે બનતુ બધું કરો, પ્રથમ ઈશ્વરમાં વિશ્વાસ રાખો. (માથ્થી ૬:૨૫)

(૧૮) ભલું નામ : પ્રામાણિકતા અને ચારિત્ર્ય બાંધતાં સમય લાગે છે જ્યારે તે રાતોરાતમાં નાશ પામે છે. ઈશ્વરે તમારા જીવનમાં જે રોકાણ કર્યું છે તેનું મૂલ્ય અને રક્ષણ કરો. ''ભલું નામ'' જે મહાન ધન કરતાં વધુ મૂલ્યવાન છે. તે ટકાવવા માટે પ્રાર્થના કરો અને જાગૃત રહો. (નીતિવચનો ૨૨:૧)

(૧૯) વલણ : હે સ્વર્ગીય પિતા, જ્યારે વિશ્વમાં ઘણી બધી નકારાત્મક બાબતો હોય ત્યારે આભાર માનવો મુશ્કેલ છે. તેમ છતાં, તમારી ઈચ્છા મારા માટે બધી બાબતોમાં આભાર માનવા માટે છે. તેથી, હું ખ્રિસ્ત સાથે એકતામાં છું માટે આભારી બનવા મને સહાય કરો. મને તમારા પર ભરોસો છે કે તમે મને મારા માર્ગમાં આવનાર દરેક પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ કરશો. (૧ થેસ્સા. ૫:૧૮)

(૨૦) ધીરજ : હે ઈશ્વર, ઘણીવાર હું અધીરો થઈ ગયો છું. હું કબુલ કરું છું કે મેં મારી અધીરાઈમાં મારા માનવીય પ્રયત્નો દ્વારા કાર્ય કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ હું અનિવાર્યપણે નિષ્ફળ ગયો છું. તમારું વચન જણાવે છે કે મારે પ્રાર્થના કરવી જોઈએ અને પછી ફક્ત તમારી ઈચ્છા પ્રમાણે કરવું જોઈએ. તમારા આત્માની દોરવણી પ્રમાણે વિશ્વાસ દ્વારા હિંમતથી બહાર જવા સહાય કરો. (હિબ્રુ ૧૦:૩૫,૩૬)

(૨૧) સમયસર : હે ઈશ્વર, ઘણીવાર હું વહેલો અથવા મોડો પડ્યો છું, પરંતુ તમે હંમેશા સમયસર છો. તમારા આત્મા થકી જ્યારે તમે મને જવાનું કહો ત્યારે જવા માટે, થોભવાનું કહો ત્યારે થોભવા માટે અને રાહ જોવાનું કહો ત્યારે રાહ જોવા માટે દોરો. હે ઈશ્વર, મને તમારા સમય પ્રમાણે આગળ વધવા સહાય કરવા બદલ તમારો આભાર. (ગલાતી ૪:૪)

(૨૨) આરાધના કરવાનું તેડું : વ્હાલા ઈશ્વર, અખિલ વિશ્વના રાજા તમે એકલા જ આરાધનાને યોગ્ય છો. આત્માથી અને સત્યતાથી આરાધના કરવા કેવળ તમે જ સહાય કરી શકો છો. મને કેવળ શબ્દોથી જ નહિ પણ કૃત્યોથી પણ તમારું ભજન કરવા મદદ કરો. મને તમારા આત્માની દોરવણી મેળવવા કૃપા આપો. (માથ્થી ૨:૧,૨)

(૨૩) ગુસ્સામાંથી ન્યાયીપણા સુધી : વ્હાલા ઈશ્વર, દરેક તરફ લોકો ગુસ્સામાં હોય છે. હું સમજું છું કે માનવીય ગુસ્સો એ ઉકેલ નથી. હું મારા ગુસ્સા, રોષ અને કોપ માટે પસ્તાવો કરું છું. હું ઈસુના નામમાં તેનો નકાર કરું છું. મને નકારાત્મક બાબતો પ્રત્યે ન્યાયી પ્રતિભાવ આપવા સહાય કરો. (યાકૂબ ૧:૨૦)

(૨૪) અસરકારક : "ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે." (યાકૂબ ૫:૧૬બ) ઈશ્વર ઈચ્છે છે કે આપણે તેમના કામમાં સહભાગી બનીએ. આપણે કેવી રીતે પ્રાર્થના કરવી જોઈએ તે માટે તે આપણને આત્માની દોરવણી માટે પ્રાર્થના કરવા આમંત્રણ આપે છે. ઈશ્વર આવી પ્રાર્થના સાંભળશે.

(૨૫) ઈશ્વરની બીક : (રોમન ૧૧:૩૬) "કેમ કે તેનામાંથી, તથા તેના વડે, તથા તેને અર્થે, સર્વસ્વ છે. તેને સર્વકાળ મહિમા હો. આમીન." ઈશ્વરના વચનોમાં આપણે જેટલાં ઊંડા જઈશું તેટલા આપણે તેમના સામર્થ્ય અને પવિત્રતા વિશે આશ્ચર્ય પામીશું. ઈશ્વરને સંપૂર્ણ સમર્પિત થવામાં ઈશ્વરની બીક અને અહોભાવને કામ કરવા દો.

(૨૬) દુશ્મનોને પ્રેમ : "પણ હું તમને કહું છું કે તમે તમારા વૈરીઓ પર પ્રીતિ કરો, ને જેઓ તમારી પૂઠે લાગે છે તેઓને સારુ પ્રાર્થના કરો." (માથ્થી ૫:૪૪) માનવીય રીતે આ પ્રમાણે કરવું અશક્ય છે, પરંતુ ઈસુએ આ પ્રેમ કેવી રીતે થઈ શકે તે દર્શાવ્યું છે. જ્યારે આપણે તેમની સાથે જોડાયેલા રહીએ છીએ ત્યારે તેમની ઈચ્છાને આધીન થવા અને દુશ્મનોને પ્રેમ કરવા તેમનું સામર્થ્ય આપણને સહાય કરશે.

(૨૭) સંપત્તિ : "સાવધાન રહો અને સર્વ પ્રકારના લોભથી દૂર રહો. કેમકે કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી." (લૂક ૧૨:૧૫) ઘણી વખત વારસાની વહેંચણીએ લોભને કારણે ભાઈઓને એકબીજા વિરુદ્ધ કર્યા છે. ઈસુ ખ્રિસ્તની આ વાર્તા તમને ચેતવણી સમાન બને એવું થવા દો.

(૨૮) સ્વનિયંત્રણ : "તમારામાંનો દરેક પવિત્રતામાં અને માનમાં પોતાનું પાત્ર રાખી જાણે." (૧ થેસ્સા. ૪:૪,૫) ઈસુ ખ્રિસ્ત આપણા જેવા માણસ હતા છતાં પરીક્ષણ પર વિજયી હતા. કારણ કે તે સંપૂર્ણપણે ઈશ્વરને સમર્પિત હતા. આપણે પણ પરીક્ષણનો સામનો કરી શકીએ છીએ અને આપણી લાગણીઓને કાબૂમાં રાખી શકીએ છીએ.

(૨૯) વિચાર કરો : "ઈશ્વરના કામનો વિચાર કરો, કેમકે જે તેણે વાકું કર્યું છે તેને સીધું કોણ કરી શકશે ? ઉન્નતિને સમયે મગ્ન થા, ને આપત્કાળે વિચાર કર. ઈશ્વરે એ બંનેને એકબીજાના સાથી બનાવ્યા છે." (સભાશિક્ષક ૭:૧૩-૧૪) આપણા જીવનનો અંતિમ હેતુ ઈશ્વર માટે જીવવાનો છે. તેથી, ગમે તે થાય પરંતુ હંમેશા તેની નિકટ રહેવા માટે પ્રાર્થના કરો.

(૩૦) લડાઈ : "લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા સાંભળવામાં આવશે, પણ જો જો ગભરાતા ના, કેમકે એ બધું થવાની અગત્ય છે, પણ તેટલેથી અંત નહિ આવે. " (માથ્થી ૨૪:૬) વિશ્વની ઘટનાઓ સાબિત કરે છે કે ખ્રિસ્તનું પુનરાગમન નિકટવર્તી છે. તેથી, ચાલો આપણે આપણા આવનાર પ્રભુ પર પહેલા કરતાં વધુ ધ્યાન કેન્દ્રિત કરીએ અને ખૂબ આનંદ સાથે તેમની વિશ્વાસપૂર્વક સેવા કરીએ.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**